પરિપત્ર નં.૧૪૯ તા.૧૦-૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે હિન્દી આપણી રાષ્ટ્રભાષા છે, બાળકો હિન્દી વિષયમાં રસ કેળવે રાષ્ટ્રભાષા હિન્દી સારી રીતે લખી-વાંચી શકે તે માટે હિન્દી માધ્યમ સિવાયના વિદ્યાર્થીઓ હિન્દી પરીક્ષાઓ આપે તે ઈચ્છનીય છે. ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ દ્વારા હિન્દી પરીક્ષા લેવાય છે તે પરીક્ષાઓ આપવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને તે અંગે નીચેની બાબતો ધ્યાનમાં લેશો.

- ❖ હિન્દીની પરીક્ષા ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓ આપી શકશે.
- ❖ ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ,અમદાવાદ દ્વારા 'હિન્દી જ્ઞાન પ્રથમા' અને 'હિન્દી જ્ઞાન પ્રવેશિકા' લેવાય છે.
- ❖ અગાઉના વર્ષે જે વિદ્યાર્થીઓને 'હિન્દી જ્ઞાન પ્રથમા'ની પરીક્ષા આપેલ છે. તેઓ ચાલુ વર્ષે 'હિન્દી જ્ઞાન પ્રવેશિકા'ની પરીક્ષા આપી શકશે.
- ❖ ધો.૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેણે 'હિન્દી જ્ઞાન પ્રથમા'ની પરીક્ષા આપેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ સીધી 'હિન્દી જ્ઞાન પ્રવેશિકા'ની પરીક્ષા આપી શકશે.
- ❖ 'હિન્દી જ્ઞાન પ્રથમા'ની ફી રૂા.૭/- તેમજ 'હિન્દી જ્ઞાન પ્રવેશિકા'ની ફી રૂા.૧૨/- વિદ્યાર્થીઓએ જાતે ભરવાની રહેશે.
- ❖ બન્ને પરીક્ષાના આવેદનપત્રના રૂા.૧ અલગથી આપવાના છે જે વિદ્યાર્થીઓ ભરશે.
- ❖ 'હિન્દી જ્ઞાન પ્રથમા' અને 'હિન્દી જ્ઞાન પ્રવેશિકા' પરીક્ષા માટેના પુસ્તકો અગાઉ જે શાળામાં આપેલ નથી, તે શાળાઓમાં આપવાની અત્રેથી વ્યવસ્થા કરવામાં આવશે.
- ❖ આવેદનપત્ર ભરવાની તા.૧૧-૨-૧૬ થી ૧૨-૩-૧૬ છે.
- ❖ આપની શાળાને જોઈતા આવેદનપત્ર આપવાની તેમજ ભરેલા ફોર્મ અને ફી પરત લઈ જવાની કામગીરી ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદના પ્રતિનિધિ કરશે.
- ❖ સદર સમિતિ દ્વારા અમદાવાદ શહેરમાં પ્રથમા અને પ્રવેશિકા પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા.૧૦૦૦/-, રૂા.૭૫૦/-, રૂા.૫૦૦/- ની કિંમતના પુરસ્કાર અપાશે. ઝોનવાર પ્રથમ આવનારને પણ રૂા.૫૦૦/-નું ઈનામ અપાશે. જે શાળામાંથી બન્ને પરીક્ષામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હશે તેવી શાળાને 'હિન્દી જ્ઞાન પ્રથમા' અને 'હિન્દી જ્ઞાન પ્રવેશિકા' માટે શિલ્ડ એનાયત કરવામાં આવશે.
- ❖ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ❖ 'હિન્દી જ્ઞાન પ્રથમા' અને 'હિન્દી જ્ઞાન પ્રવેશિકા'ની પરીક્ષા તા.૨૦-૩-૧૬ રવિવારનાં રોજ લેવાશે.
- ❖ 'હિન્દી જ્ઞાન પ્રથમા'ની પરીક્ષાનો સમય સવારે ૯-૦૦ થી ૧૧-૦૦નો રહેશે.
- ❖ 'હિન્દી જ્ઞાન પ્રવેશિકા' પરીક્ષાનો સમય સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ નો રહેશે.
- ❖ શાળાના મુ.શિક્ષકશ્રીએ પોતે પરીક્ષા સંચાલકની જવાબદારી નિભાવવાની રહેશે.

- ઉપરોકત પરીક્ષા રજાના દિવસે હોવાથી પરીક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ બેઠક વ્યવસ્થા તેમજ પરીક્ષાને લગતી તમામ આનુસાંગિક કાર્યવાહી મુ.શિક્ષકશ્રીએ કરવાની રહેશે.
- પરીક્ષામાં જવાબો પ્રશ્નપત્રોમાં જ લખવાના રહેશે.
- ધો.૫ થી ૮ના ભાષા શિક્ષકોએ આ પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તેમજ પરીક્ષાની તૈયારી  કરાવવી.વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તેવા પ્રયાસો કરવા અને વધુને વધુ બાળકો પરીક્ષામાં બેસે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

તા.૧૦-૨-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ

અમદાવાદ